# 49

## બનાસકાંઠા અને દાહોદ જિલ્લામાં કૂપોષિત બાળકો

*15/4/504 **શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર**(ચાણસ્મા)**: માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| **(૧)** તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ બનાસકાંઠા અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, | **(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ બનાસકાંઠા અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર કુપોષિત બાળકોની સંખ્યા આ મુજબ છે.** |

| **જિલ્લો** | **બાળકોની સંખ્યા** |
|---|---|
| **બનાસકાંઠા** | ૪૮૮૬૬ |
| **દાહોદ** | ૫૧૩૨૧ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| **(૨)** તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે, | (૨) તે પૈકી જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિઓછા વજનવાળા બાળકોની સંખ્યા આ મુજબ છે. |

| **જિલ્લો** | **ઓછાવજન વાળા બાળકોની સંખ્યા** | **અતિ ઓછા વજન વાળા બાળકો** | **કુલ** |
|---|---|---|---|
| **બનાસકાંઠા** | ૩૬૬૧૦ | ૧૨૨૫૬ | ૪૮૮૬૬ |
| **દાહોદ** | ૪૦૦૬૨ | ૧૧૨૫૯ | ૫૧૩૨૧ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| **(૩)** ઉકત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર છેલ્લા એક વર્ષમાં કેટલા બાળકોનો વધારો કે ઘટાડો થયો,અને | (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ મુજબ બાળકોનો વધારો કે ઘટાડો થયો છે. |

| **જિલ્લો** | **છેલ્લા એક વર્ષમાં થયેલ વધારો/ઘટાડો** | |
|---|---|---|
| | **વધારો** | **ઘટાડો** |
| **બનાસકાંઠા** | ---- | ૭૯૮૬ |
| **દાહોદ** | ---- | ૨૪૫૫૪ |

| | | | |
|---|---|---|---|
| **(૪)** | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવા બાળકોમાંથી કુપોષણ દુર કરવા સરકારે શાં પગલાં લીધાં? | (૪) | ઉક્ત સ્થિતિએ પોષણ સ્તરમાં સુધારો કરવા માટે આ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.<br><br>• આંગણવાડી કેન્દ્રો ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો અને બપોરનું ભોજન આપવામાં આવે છે. અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે<br>• સમગ્ર રાજ્યના તમામ ઘટકમાં ૬ માસથી ૩ વર્ષના બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૭ પેકેટસ, અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૧૦ પેકેટસ અને ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૪ પેકેટસ આપવામાં આવે છે.<br><br>• રાજયના તમામ આંગણવાડી કેન્દ્રોમાં લાભાર્થીઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા સત્વ ફોર્ટિફાઈડ આટો, ફોર્ટિફાઇડ ચોખા તેમજ ફોર્ટિફાઈડ તેલ પુરું પાડવામાં આવે છે.<br><br>• દૂધ સંજીવની યોજના અંતર્ગત બનાસકાંઠા જિલ્લાના અમિરગઢ, ભાભર, દાંતા, વાવ, કાંકરેજ, દિયોદર, થરાદ અને સુઇગામ તાલુકાઓમાં તેમજ દાહોદ જિલ્લાના તમામ તાલુકાઓમાં દુધ સંજીવની યોજના અંતર્ગત આંગણવાડી કેન્દ્રોમાં આવતા ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં ૫ દિવસ ૧૦૦ મિલી. પેશ્ચુરાઇઝડ ફોર્ટીફાઇડ ફ્લેવર્ડ દૂધ આપવામાં આવે છે. |